|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com


**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૨૦

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૬)**

૧. સવ્વે **જીવા ખમંતુ મે મિત્તી મે સવ્વભૂએસુ** વેર

૨. અણેસણાએ **પાણ ભોયણાએ બીય ભોયણાએ હરિય ભોયણાએ પચ્છા કમ્મિયાએ** પુરે

૩. ખેલેસુ વા **સિંઘાણેસુ વા વંતેસુ વા પિત્તેસુ વા પૂએસુ વા** સોણિએસુ

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૨)**

૧. મણામં **મનને અતિ વહાલું** ૨. ઠામિ **એક સ્થાને રહીને**

૩. અઈયારસ્સ **અતિચારોનું** ૪. સંકમણે **કચર્યા હોય**

**(૩) નીચેનામાં માગધી શબ્દ લખી કયા પાઠમાં છે? તે લખો. (૨)**

૧. અવિધિએ પ્રમાર્જના કરવાથી **દુપ્પમજ્જણાએ** ૩. ક્ષમાવંત સાધુજીઓની **ખમાસમણાણં**

૩. પૌષધને માને નહિ તે **અકિરિયા મિથ્યાત્વ** ૪. ઉપાસના કરું છું **પજ્જુવાસામિ**

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૫)**

૧. ઉદય એટલે શું? તેના ભેદ લખો. **કર્મના ફળનો અનુભવ કરવો. પ્રદેશોદય, વિપાકોદય.**

૨. પાંચમા ગુણસ્થાને શા માટે અશુભ પ્રકૃતિનો ઉદય નથી? **પાંચમું ગુણસ્થાન વિશુદ્ધ છે માટે.**

૩. ક્ષાયિક સમકિતી મનુષ્ય અને ચરમ શરીરીને પ્રથમ ગુણસ્થાને કેટલા સંઘયણનો ઉદય હોય?

**ક્ષાયિક સમકિતી મનુષ્યને છ અને ચરમ શરીરીને ૧ વજ્રઋષભનારાચ.**

૪. ૧૩ મા ગુણસ્થાનના છેડે ૩૦ પ્રકૃતિઓનો શા માટે ઉદય વિચ્છેદ થાય છે? **યોગ રુંધનના કારણે.**

૫. ૧૪ મે ગુણસ્થાને કેટલી પ્રકૃતિની ઉદીરણા શા માટે?

**એકપણ નહિ. યોગ ન હોવાથી તથા કર્મની સ્થિતિ પાકી ગઈ હોવાથી.**

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે?** **(૫)**

| | ઉદય | ઉદય વિચ્છેદ |
|---|---|---|
| ૧. નરકાનુપૂર્વી | **૧ લે, ૪ થે ગુણસ્થાને** | **૪ થા ગુણસ્થાન છેડે** |
| ૨. પ્રચલા પ્રચલા | **૧ થી ૬ ગુણસ્થાન સુધી** | **૬ ટ્ઠા ગુણસ્થાનના છેડે** |
| ૩. પર્યાપ્તા નામ | **૧ થી ૧૪ ગુણસ્થાન સુધી** | **૧૪ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. સમકિત મોહનીય | **૪ થી ૭ ગુણસ્થાને** | **૭ મા ગુણસ્થાન છેડે** |
| ૫. આહારક શરીર | **૬ ટ્ઠા ગુણસ્થાને** | **૬ ટ્ઠા ગુણસ્થાનના છેડે** |

**(૫)**

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧. કોને યોગ્ય સાધન મળવા દુર્લભ છે? **ભાવ યુદ્ધ**

૨. મોક્ષમાર્ગમાં સ્થિત મુનિ શું પાર કરી જાય છે? **સંસારચક્ર**

૩. પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ મારો શું છે? **ધર્મ**

૪. આપણને માર્ગ કોણે બતાવ્યો છે? **જિનેશ્વર ભગવંતોએ**

૫. શેમાં પોતાના આત્માને જોડવાનો નથી? **બાળભાવમાં**

**(૧૦)**

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ત્રીજું દુર્ગમ સ્થાન કયું છે? **તત્ત્વોનું યુક્તિપૂર્વક નિરદર્શન કરવું.**

૨. અકસ્માત્ દંડ એટલે શું? **અકસ્માત જીવ હિંસા થવી. અન્યને મારવા જાય અને અન્ય મરી જાય.**

૩. પહેલા શા માટે આગમ વ્યવહાર બતાવ્યો છે? **શ્રમણોના વ્યવહારમાં આગમની પ્રધાનતા હોય છે.**

૪. અલંકારિક સભા શું છે? **શરીર સજાવટ ભવન.**

૫. મનુષ્યમાં કોણ જાય છે? **હૃદયથી નીકળેલો જીવ.**

૬. સંમૂર્ચ્છિમ વાયુ એટલે શું? **પંખાના ચાલવાથી ઉત્પન્ન થતો વાયુ.**

૭. સૂત્ર શીખવાનું પાંચમું કારણ લખો. **યથાર્થ ભાવજ્ઞાનાર્થે**

૮. ત્રીજા અને ચોથા નરકાવાસનું નામ લખો. **રૌરવ, મહારૌરુક**

૯. સૂત્ર વાંચનાનું બીજું કારણ લખો. **શિષ્યોના ઉપકાર માટે.**

૧૦. શ્રુત ન હોય ત્યાં કયા વ્યવહારની પ્રસ્થાપના કરવી?

**આજ્ઞા હોય ત્યાં આજ્ઞા વ્યવહારથી પ્રસ્થાપના કરવી.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. અહિચ્છત્રા નગરી ચંપા નગરીથી કઈ દિશામાં હતી? **ઉત્તર પૂર્વ દિશામાં.**

૨. ધન્ય સાર્થવાહે કનકકેતુ રાજાનું કેવી રીતે અભિવાદન કર્યું? કયા શબ્દોથી વધાવ્યા?

**બે હાથ જોડી અભિવાદન કર્યું. જયવિજય.**

૩. ઈન્દ્રિયોના વિષય કોના સમાન છે? **વિષમય નંદીફળ સમાન.**

૪ . ક્યા પ્રકારનો માલ ભરીને વેપાર કરવા ગયા? **ગણિમ, ધરિમ, પેય,પરિછેદ્ય.**

૫. ધન્ય સાર્થવાહ કેવા હતા? **અંગોપાંગથી પરિપૂર્ણ, ગુણસંપન્ન તથા અનેક લોકો માટે આદર્શભૂત હતા.**

૬. ધન્ય સાર્થવાહે ક્યાં ઉદ્‌ઘોષણા કરાવી? **ચંપા નગરીના સન્માર્ગ અને અન્ય માર્ગોમાં.**

૭. ધન્ય સાર્થવાહે દીક્ષા લઈને કેટલો અભ્યાસ કર્યો? **સામાયિકથી લઈને ૧૧ અંગનું અધ્યયન કર્યું.**

૮. ચંપા નગરીના સ્થાને અને અહિચ્છત્રા નગરીના સ્થાને શું છે? **મનુષ્ય ગતિ, નિર્વાણ.**

૯. નંદી ફળના ફળ કેવા હતા? બે શબ્દમાં લખો. **લીલા કાળા વર્ણવાળા, ઝેરયુક્ત**

૧૦. સંસારમાં પરિભ્રમણ કોણ કરે છે? **જે પાંચ ઈન્દ્રિયોના વિષયમાં આસક્ત થાય છે.**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ધન્ય સાર્થવાહની પત્ની અને દીકરીનું નામ લખો. **ભદ્રા, સુંસુમા.**

૨. ચોરપલ્લીનું નામ શું હતું? તે ક્યાં વસેલી હતી? **સિંહ ગુફા. ઊંચી–નીચી પર્વતમાળામાં.**

૩. ચિલાત દાસપુત્ર શું ચોરી લેતો હતો?

**કોઈની કોડીઓ, લખોટીઓ, રમકડાંઓ, ઢીંગલીઓ, માળાઓ, અલંકારો વગેરે.**

૪. નગર રક્ષકો શું લઈને રાજગૃહી નગરી તરફ પાછા જવા લાગ્યા? **વિપુલ ધન, કનક આદિ ગ્રહણ કરીને.**

૫. સાધુ શેની વૃદ્ધિ માટે આહાર કરતા નથી? **શરીરના વર્ણ, બળ કે રૂપની.**

૬. ધન્ય મુનિએ દીક્ષા લઈ કેટલો અભ્યાસ કર્યો? **અગિયાર અંગોનો.**

૭. મોક્ષ પ્રાપ્તિનું સાધન કયું છે? એક શબ્દમાં જવાબ લખો. **ઔદારિક શરીર**

૮. ધન્ય સાર્થવાહે અને તેમના પુત્રોએ શેનો આહાર કર્યો? **સુંસુમા દારિકાના માંસ અને રૂધિરનો.**

૯. ચિલાત સ્વચ્છંદી બની કેવો બની ગયો? **જુગારી, માંસભક્ષી, દારૂડિયો, વેશ્યાલંપટ.**

૧૦. નગરસેવકોએ ચિલાત ચોરને કેવો કરી દીધો? **હત–પ્રહત કરીને પરાજિત કરી દીધો.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો.**

૧. દ્વારિકા નગરીનો વિનાશ ......, ...... અને ...... આ ત્રણ કારણોને લીધે થશે.

**સુરા, અગ્નિ,દ્વિપાયન ઋષિનો કોપ**

૨. ઘણા વર્ષો સુધી કેવળી પર્યાયનું પાલન કરી ......, ......, ...... થશો. **સિદ્ધ, બુદ્ધ, મુક્ત**

૩. આપ જે કહો છો તે જ ...... છે, ...... છે. **યથાર્થ, સત્ય**

૪. પ્રભુને ૩ વાર ......–...... કરી ......–...... કરી આ પ્રમાણે કહ્યું. **આદક્ષિણા, પ્રદક્ષિણા, વંદન, નમસ્કાર**

૫. પોતાના ......, ......, ......, ...... ને દીક્ષા લેવાની સહર્ષ અનુમતિ આપે છે.

**પુત્ર, પુત્રી, પૌત્ર, પટરાણીઓ**

૬. પદ્માવતી આર્યાએ ...... થી લઈ ...... નું અધ્યયન કર્યું. **સામાયિક, ૧૧ અંગો**

૭. પદ્માવતી આર્યાનો અપૂર્વ ...... અને ...... ની ઉત્કંઠા પ્રશંસનીય છે. **ત્યાગ, સંયમ**

**અથવા**

**પ્ર. ૫ નિરયાવલિકા સૂત્રના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબના બે શબ્દોમાં લખો.** **(૭)**

૧. ત્રીજા પ્રહરમાં સોમિલ બ્રાહ્મણે કઈ યજ્ઞવિધિ કરી. **સ્નાન, હવન**

૨. આ અધ્યનનમાં શેની મહત્તા પ્રતીત થાય છે. **સમ્યગ્દર્શન, શ્રદ્ધા**

૩. સોમિલ શું બન્યો? ક્યાં ઉત્પન્ન થયો? **વિરાધક, જ્યોતિષ**

૪. સોમિલ શેનાથી સમૃદ્ધ હતો? **ધન, ધાન્ય**

૫. સોમિલે વારાણસી નગરીની બહાર શું બનાવડાવ્યું? **બગીચા, વાડી**

૬. દિશાની પ્રમુખતાથી તે દિશાના દેવની શું કરવામાં આવે છે? **પૂજા, ભક્તિ**

૭. સોમિલ શેનો ભંગ કરવાથી અને શું સ્વીકારવાથી વિરાધક બન્યા? **વ્રત, તાપસી દીક્ષા**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૩)**

૧. તમે આ તાપસ પર્યાયનો સ્વીકાર કર્યો. **દેવ સોમિલ બ્રાહ્મણને કહે છે.**

૨. ગૃહસ્થ સંબંધી મેં બધા કાર્ય કરી લીધા છે. **સોમિલ બ્રાહ્મણ મનમાં વિચારે છે.**

૩. મારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા કેમ છે? **સોમિલ બ્રાહ્મણ દેવને કહે છે.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. કુસગ્ગે **જહ ઓસબિંદુએ, થોવં ચિટ્ઠઈ ! લંબમાણએ ।**

**એવં મણુયાણ જીવિયં, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : ડાભના અગ્ર ભાગ પર અવલંબીને રહેલું ઝાકળબિંદુ જેમ થોડીવાર જ રહી શકે છે તેમ આ મનુષ્ય જીવન પણ, ક્ષણભંગુર છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૨. બુદ્ધે **પરિણિવ્વુડે ચરે, ગામગએ ણગરે વ સંજએ ।**

**સંતિમગ્ગં ચ વૂહએ, સમયં ગોયમ ! મા** પમાયએ ॥

**અર્થ : તત્ત્વોને જાણીને અને કષાયોને પૂર્ણ શાંત કરી સંયમી બનીને ગ્રામ-નગર આદિમાં વિચરણ કરીને હે ગૌતમ ! શાંતિમાર્ગની અર્થાત્ મોક્ષમાર્ગની વૃદ્ધિ કર, આમ કરવામાં સમયમાત્રનો પ્રમાદ ન કર.**

૩. તિણ્ણો **હુ સિ અણ્ણવં મહં, કિં પુણ ચિટ્ઠસિ તીરમાગઓ ।**

**અભિતુર પારં ગમિત્તએ, સમયં ગોયમ ! મા** પમાયએ ॥

**અર્થ : હે ગૌતમ! તું મહાસાગરને તો પાર કરી ગયો છે. હવે કાંઠાની નજીક આવીને કેમ ઊભો છે? કેમ રોકાઈ રોકાઈ ગયો છે? તેને જલદીથી પાર કર. આમ કરવામાં હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૪. બેઈંદિય **કાય મઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**

**કાલં સંખિજ્જં સણ્ણિયં, સમયં ગોયમ ! મા** પમાયએ ॥

**અર્થ : બેઈન્દ્રિયકાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં જન્મ-મરણ કરતા ઉત્કૃષ્ટ સંખ્યાતકાળ પસાર કરે છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૫. આંખની શક્તિ ક્ષીણ થતી જાય છે.

પરિજૂરઈ **તે સરીરયં, કેસા પંડુરયા હવંતિ તે ।**

**સે ચક્ખુબલે ય હાયઈ, સમયં ગોયમ ! મા** પમાયએ ॥

**અર્થ : તમારું શરીર જીર્ણ-નબળું થતું જાય છે. કેશ સફેદ થઈ રહ્યા છે, આંખની શક્તિ ક્ષીણ થતી જાય છે, છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

(૧૦)

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. વ્યાખ્યા લખો. સોવચય-સાવચય, અક્ત સંચય, વિદ્ધમાણ, હાનિ (૪)

સોવચય-સાવચય – **જો જીવો ઉપજતા પણ હોય અને તે જ સમયે ચ્યવતા પણ હોય.**

અક્ત સંચય – **નારકી આદિ ૨૪ દંડકમાં જ્યાં એક સમયમાં અસંખ્યાતા, અનંતા જીવ ઉત્પન્ન થાય છે.**

વદ્ધમાણ – **જીવોની સંખ્યા વધે.**

હાનિ – **જન્મ-મરણ બંને હોય કે એક હોય પણ જીવોની હાનિ થાય.**

૨. યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૬)

૧) સમુચ્ચય જીવ કેવા છે? (ઘટતા, વધતા, **શાશ્વતા**)

૨) કોનામાં ક્ત સંચયના ત્રણ ભાંગામાંથી બે ભાંગા લાગે? (**સિદ્ધ,** સમુચ્ચ્ય જીવ, પૃથ્વીકાય)

૩) સમસમયમાં જન્મ-મરણ ક્યાં હોય? (સોવચય, સાવચય, **અવસ્થિત**)

૪) બે મુહૂર્તનો અવસ્થાન કાળ ક્યાં છે? (સંજ્ઞી મનુષ્ય, નરક ગતિ, **સંમૂર્ચ્છિમ મનુષ્ય**)

૫) કીડીમાં કયો સંચય વધારે હોય? (ક્તસંચય, **અક્ત સંચય,** અવક્તવ્ય સંચય)

૬) ૮ સમયની સ્થિતિ કોની છે? (**સોવચય,** હિયમાણ, નિરૂવચય-નિરવચયા)

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે લખો.**

**(૧) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૫)**

૧. ઔદારિક શરીરનું પ્રયોજન મોક્ષને સાધ્ય કરવાનું છે. **સાચું.**

૨. સર્વથી થોડા દ્રવ્યાર્થક વૈક્રિય શરીરના છે. **ખોટું. સર્વથી થોડા દ્રવ્યાર્થક આહારક શરીરના છે.**

૩. તૈજસ શરીર ત્રણ, ચાર, પાંચ કે છ દિશાનો આહાર કરે છે. **સાચું.**

૪. એકાંત વૈક્રિય શરીરમાં ૧૭ દંડક હોય છે. **ખોટું. એકાંત વૈક્રિય શરીરમાં ૧૪ દંડક હોય છે.**

૫. કાર્મણ શરીરના પુદ્‌ગલ સૌથી સ્થૂળ છે. **ખોટું. કાર્મણ શરીરના પુદ્‌ગલ સૌથી સૂક્ષ્મ છે.**

અથવા **ઔદારિક શરીરના પુદ્‌ગલ સૌથી સ્થૂળ છે.**

**(૨) મને ઓળખો.** **(૫)**

૧. અમારો વિષય આખા લોકમાં જવાનો છે. **તૈજસ, કાર્મણ**

૨. અમારું જઘન્ય અંતર અંતર્મુહૂર્તનું છે. **વૈક્રિય, આહારક**

૩. મારી ભવધારિણી અવગાહના સૌથી મોટી છે. **ઔદારિક**

૯. મારી જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે. **આહારક**

૧૦. અમારા ઉત્તર વૈક્રિયમાં છયે સંસ્થાન હોય છે. **દેવ, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય**

(૧૦)

**પ્ર. ૯ કોઠો બનાવીને માર્ગણા લખો.**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. અધોલોક ગર્ભજમાં | ૦ | ૧૦ | ૨ | ૦ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના અપર્યા.+પર્યા., ૨ સંજ્ઞી મનુષ્યના અપર્યા.+પર્યા. | ૧૨ |
| ૨. અધોલોક ત્રસ ઔદારિકમાં | ૦ | ૨૬ | ૩ | ૦ | ૪૮ માંથી ૨૨ એકેન્દ્રિય વર્જી ૨૬, ૨ સંજ્ઞી મનુષ્ય+૧ સંમૂર્ચ્છિમ મનુષ્ય અપર્યાપ્તા | ૨૯ |
| ૩. અધોલોક મિશ્ર દષ્ટિમાં | ૭ | ૫ | ૧ | ૧૦ | ૭ નરક+૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય+૧ સંજ્ઞી મનુષ્ય+૧૦ ભવનપતિ એ ૨૩ ના પર્યાપ્તા | ૨૩ |
| ૪. અધોલોક કેવળીમાં | ૦ | ૦ | ૧ | ૦ | સંજ્ઞી મનુષ્યના પર્યાપ્તા (સલીલાવતી વિજય આશ્રી) | ૧ |
| ૫. એકાંત સમકિતી | ૦ | ૦ | ૦ | ૧૦ | ૫ અનુત્તર વિમાનના અપર્યાપ્તા અને પર્યાપ્તા | ૧૦ |

**જય – જિનેન્દ્ર**

❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
❋ FOR BOOKS AND EXAM REGISTRATION.